જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૯/૧૦/૨૦૧૪ રવિવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી અને જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૬૦૦/૧૪**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૬ કેસ કરી ૧૫ વ્યક્તિઓને ઝડપી, ૧૦૧ લીટર દેશી દારૂ, ૧૭ બોટલ ઇગ્લીશ દારૂ અને ૪ બિયર ટીન કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૩ કેસ કરી ૧૦ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૮૦૪૦/- અને જુગારનાં સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૬૦૧/૧૪**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૭૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧ વ્યક્તિની અને પાસા હેઠળ ૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**લુંટઃ-** **સમાચાર યાદી નં.૨૬૦૨/૧૪**

**સોલા હાઈકોર્ટઃ** સંદીપભાઇ રામપાલભાઇ વશીષ્ટ (ઉ.વ.૩૩) (રહે.ગટ્ટુ હોસ્ટેલ ગ્રીનહુડ સોસાયટી ઓગણજ) એ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે આજરોજ તા.૧૯/૧૦/૧૪ રાતના કલાક ૧/૦૦ વાગ્યાના સુમારે ગટ્ટુ હોસ્ટેલ ગ્રીનહુડ સોસાયટી ઓગણજ ખાતે અજાણ્યા સાતેક ઇસમો (ઉ.વ.૨૦ થી ૨૫ ના આશરાના) ચડ્ડી બંડીયાનધારી આવી સંદીપભાઇને માર મારી સાહેદ દેવજીભાઇને માર મારી મોબાઇલ લઈ ગયા હતા. તેમજ ગ્રીનવુડ સોસાયટીના ઓફિસ પાસે રહેતા કાનજીભાઇ ઠાકોર નાઓને પણ માર મારી ચાંદીના કડલા નંગ-૨ કિમત રૂપિયા ૧૨૦૦૦/-, રોકડા રૂપિયા ૧૦,૦૦૦/- અને મોબાઇલ કિમત રૂપિયા ૧૦૦૦/- મળી કુલ રૂપિયા ૨૩,૦૦૦/- મતાની લુંટ કરી પલાયન થઈ ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ શ્રી એસ.બી.સૈયદ ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૨૬૦૩/૧૪**

**નરોડાઃ** વિક્રમસિહ લક્ષ્મણસિહ ગોહિલ (રહે.વિનાયક વાટીકા સેન્ટ મેરી સ્કૂલની બાજુમાં નરોડા) એ તા.૧૮/૧૦/૧૪ નારોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૫/૮/૧૪ રાતના ૯/૩૦ થી તા.૧૯/૮/૧૪ સવારના ૮/૦૦ વાગ્યા દરમ્યાન નરોડા બાપાસિતારામ ચોક ખાતે આવેલ વિક્રમ સ્ટુડિયોનાં દરવાજાનુ તાળુ તોડી આરોપી કંદર્પ કાંતીલાલ વાઘેલા (રહે.પાર્શ્વનાથ ટાઉનશીપ કૃષ્ણનગર નરોડા) નિકોન કંપનીનો કેમેરો કિમત રૂપિયા ૨૯,૦૦૦/- અને કોમ્પ્યુટર સીપીયુ કિમત રૂપિયા ૫,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગયો છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે એચ જાડેજા ચલાવે છે.

**<u>ચોરીઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૨૬૦૪/૧૪</u>**

**નરોડાઃ** હિતેશસિંહ રણજીતસિંહ વાઘેલા (રહે. મહાવિર કોમ્પલેક્ષ બાપાસિતારામ નરોડા) એ તા.૧૮/૧૦/૧૪ નારોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૮/૧૦/૧૪ સવારના ૧૦/30 વાગ્યાના સુમારે આરોપી પોતાની પુત્રી વર્ષાબહેને પાડોશમાં જ રહેતા ભાવેશ ઉર્ફે રાજા હરીશલાલ જાનીની મદદગારીથી પોતાના ઘરની તિજોરીમાંથી સોનાના દાગીના કિમત રૂપિયા ૨,૦૦,૦૦૦/- અને રોકડ રૂપિયા ૭૭,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગયા છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે એચ જાડેજા ચલાવે છે.

**<u>વાહન અકસ્માતમાં મૃત્યુ : -</u>** **<u>સમાચાર યાદી નં.૨૬૦૫/૧૪</u>**

**રામોલઃ (૧)** મયુરસિંહ કાળુસિંહ પરમાર (રહે.દરબારવાસ નરોડા ગામ) એ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૮/૧૦/૧૪ કલાક ૧/૪૦ વાગ્યાના સુમારે બરોડા એક્સપ્રેસ હાઈવે ટોલટેક્સ નજીક ટ્રક નંબર કેએલ ૪૪ એ ૩૪૯૬ ના ચાલકે ટ્રક બેદરકારી અને પુરઝડપે ચલાવી લાવી આયસર ગાડીને ટક્કર મારતા આયસર ગાડીના ડ્રાયવર સુભાષને ગંભીર ઈજાઓ થતા મૃત્યુ નિપજ્યુ હતુ. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી કે ગામેતી ચલાવે છે.

**(૨)** લક્ષ્મીબહેન ભીખાભાઈ સિંધરોટીયા (રહે.ગેલાભાઈ ભરવાડની ચાલી જુની વસાહત જસોદાનગર જીઆઈડીસી વટવા) તા.૧૮/૧૦/૧૪ સવારના ૧૧/૦૦ વાગ્યાના સુમારે બરોડા એક્સપ્રેસ હાઈવે થી જસોદાનગર સર્વિસ રોડ નજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે અજાણ્યા પલ્સર મોટર સાયકલના ચાલકે બેદરકારી અને પુરઝડપે ચલાવી લક્ષ્મીબહેનને ટક્કર મારી નાસી ગયો હતો. સારવાર દરમ્યાન લક્ષ્મીબહેનનુ મૃત્યુ નિપજયું હતુ. આ અંગેની ફરીયાદ મૃત્યુ પામનાર લક્ષ્મીબહેનના પુત્ર પશાભાઈએ રામોલ પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી કે ગામેતી ચલાવે છે.

<u>આત્મહત્યાઃ-</u> **<u>સમાચાર યાદી નં.૨૬૦૬/૧૪</u>**

**દાણીલીમડાઃ (૧)** અકબર રમજાન શેખ (ઉ.વ.૩૩)(રહે.પરીક્ષીતનગર બહેરામપુરા દાણીલીમડા) એ કોઇ કારણસર તા.૧૨/૧૦/૧૪ નારોજ અલ્લાનગર પેટ્રોલપંપની પાછળ પોતાના ભાઈના ઘરે પોતાની જાતે એસીડ પી લીધુ હતુ. સારવાર માટે સીવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૮/૧૦/૧૪ કલાક ૦૦/૧૫ વાગે તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે દાણીલીમડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી વિશ્વાસભાઈ શ્યામરાવ ચલાવે છે.

**(૨)** મીસ્બાર ઈલીયાસભાઈ મેવાનવાલા (ઉ.વ.૧૯)(રહે.કુરેશનગર હોક્કાબાજ ફેકટરી સામે ફિરદોસ મસ્જીદ પાછળ દાણીલીમડા) એ કોઇ કારણસર તા.૧૬/૧૦/૧૪ સાંજના ૫/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પોતાની જાતે મચ્છર તેમજ ઉધઈ મારવાની દવા પી લીધી હતી. સારવાર માટે વા.સા.હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં તા.૧૮/૧૦/૧૪ કલાક ૬/૨૦ વાગે તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે દાણીલીમડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી આઈ કે બોદર ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર
પોલીસ કમિશનર વતી.